# "સુખ દુઃખે આ જીવનને રોજ અજમાવ્યું હિંમત રાખી તો જ મનુષ્યે બધું પામ્યું"

## કુંભ (ગ.સ.શ.)



**છેલ્લાં લગભગ પાંચ વર્ષથી આપ શનિની મોટી (સાડા સાત વર્ષીય) પનોતીના બંધનમાં છો. પાછલા વર્ષ દરમિયાન જિંદગી હર કદમ એક નઈ જંગ હૈ જેવું તમને લાગ્યું હશે. એક સમસ્યા ઉકેલો ત્યાં બીજી દ્વાર પર દસ્તક દેતી હોય એવું અનુભવ્યું હશે.જો કે સંવત 2082 દરમિયાન આપ શનિની સાડા સાતી પનોતીના અંતિમ અને રૂપાના પાયે પસાર થતા કાલખંડમાંથી પસાર થઈ રહ્યા છો આપને રાહત અને અનુકૂળતા આપી જશે. ગુરુની શુભ કૃપાદ્રષ્ટિ પણ રહેશે. જો કે રાહુ વખતોવખત માનસિક ચિંતાઓ આપે પણ તમારે ચિંતા છોડો ચિંતન કરોની નીતિ અપનાવવી રહી. આ સમય આપને માટે ધીરજ મહેનત અને સમજદારીથી જીત મેળવવાનો સમય રહેશે.**

**જીવનનાં વિવિધ પાસાંઓ પર અસર**

### માનસિક સ્થિતિ : ઉતાર-ચઢાવ અને તણાવ રહે

સંવત 2082માં રાહુ પ્રથમ ભાવમાં અને શનિ દ્વિતીય ભાવમાં રહેશે. લાભ અપેક્ષા મુજબના ન મળે અને મળે તે વિલંબથી મળે. જેને કારણે આપની માનસિક સ્થિતિ ઉતાર-ચઢાવવાળી રહેશે. **આપ ક્યારેક અતિ આત્મવિશ્વાસી, તો ક્યારેક ગૂંચવાયેલા અને અશાંત થઈ જશો.** તણાવ અને માથામાં દુખાવાની સમસ્યા રહ્યા કરે. દાંપત્યજીવનમાં પણ અસુખ જેવું લાગે. 5મી ડિસેમ્બર 2025થી 1લી જૂન 2026 સુધી ગુરુ છઠ્ઠા ભાવમાં હોવાથી સ્પર્ધા કે કામનો ભાર મનને તણાવ આપશે પરંતુ અંતે પ્રતિસ્પર્ધીઓને પરાસ્ત કરી વિજય પ્રાપ્ત કરશો અને એ બધાના કારણે અને પરિણામે આપનો આત્મવિશ્વાસ વધશે. પ્રત્યેક ક્ષણને સ્વીકારી તેમાંથી અનુભવ મેળવવો, પ્રત્યેક અનુભવમાંથી શીખવું અને પ્રત્યેક શીખમાંથી શક્તિ મેળવવી અને જીવનની સફરને સાર્થક બનાવવી એ જ સફળતાનો મૂલ મંત્ર છે. ખંત અને દ્રઢતાથી ધ્યેય-સિદ્ધિની પ્રાપ્તિ થશે.

### આરોગ્ય : અનુકૂળતા

આ વર્ષે આરોગ્યની બાબતમાં એકંદરે અનુકૂળતા રહેશે. તા. 5મી ડિસેમ્બર થી 1લી જૂન દરમિયાન ગુરુના પાંચમા સ્થાનમાં પરિભ્રમણ દરમિયાન આપનું આરોગ્ય સારું રહેશે ત્યાર બાદ ગુરુ છઠ્ઠા ભાવમાં હોવાથી જૂના રોગો ફરી તકલીફ આપી શકે. પાચનતંત્ર, બ્લડપ્રેશર અને શુગર સંબંધિત સમસ્યાઓથી સાવચેતી રાખવી. રાહુ પહેલા ભાવમાં હોવાથી માનસિક અશાંતિ, માથાનો દુખાવો થાક અથવા નિંદ્રાની તકલીફ થઈ શકે છે. તા. 15 મી મેથી 1લી જૂન દરમિયાન બીજા સ્થાનમાં શનિની સાથે સૂર્યનું પણ ગોચર થતું હોવાથી અચાનક હાર્ટ સંબંધી ત્યા બ્લડ પ્રેશર સંબંધિત બીમારી ઉદભવી શકે. સાવધાન રહેવું એ જ રીતે તા. 20મી જૂનથી બીજી ઓગસ્ટ દરમિયાન તથા તા. 19 મી સપ્ટેમ્બર થી 12મી નવેમ્બર દરમિયાન અકસ્માતથી સાચવવું.

### વ્યાપાર-ધંધો : લાભકારી સમય

વ્યવસાય ક્ષેત્રે મિશ્રિત પરિણામ મળશે. તારીખ 5મી ડિસેમ્બરથી 1લી જૂન સુધી આપની રાશિથી 5મા ભાવમાં રહેતો ગુરુ આપને વ્યાપાર ધંધામાં લાભ આપી જાય. આપના પુરુષાર્થને ભાગ્યનો પણ સાથ મળે. આપને સમૃદ્ધ અને ઐશ્વર્યવાન બનાવે. પહેલી જૂનથી વર્ષના અંત સુધી છઠ્ઠા ભાવમાં ગોચર કરતો ગુરુ આપને આપના ધંધાકીય પ્રતિસ્પર્ધીઓ સામે સફળતા અને વિજય અપાવે. શનિ બીજા ભાવમાં હોવાથી ધીરજપૂર્વક કરેલા કામથી ધંધામાં સ્થિરતા આવશે. રાહુ પહેલા ભાવમાં હોવાથી અતિશય જોખમ ન લેવું નહીંતર નુકસાન થઈ શકે. **વર્ષના અંત ભાગે વ્યવસાયમાં વૃદ્ધિ થશે અને નવા અવસર મળશે.** કાયદા, શિક્ષણ, ફાઇનાન્સ અને કન્સલ્ટન્સી ક્ષેત્રે લાભકારી સમય.

### નોકરી /કારકિર્દીઃ મધ્યમ રહે

નોકરીમાં કુંભ જાતકોને તણાવનો સામનો કરવો પડશે. ગુરુ તા. 1લી જૂનથી વર્ષના અંત સુધી છઠ્ઠા ભાવમાં હોવાથી સ્પર્ધા વધશે, સહકર્મીઓ સાથે મતભેદ થઈ શકે પરંતુ મહેનત, ધીરજ અને ખંતથી કામ કરશો તો આપ હરીફોને પાછળ પાડીને આગળ નીકળી જશો. તા. 5મી ડિસેમ્બર 2025થી 1લી જૂન 2026 દરમિયાન નોકરીમાં સહ-કર્મચારીઓ અને ઉપરી અધિકારીઓનો સહકાર મળી રહે અને **આપ ઉચ્ચ પદ (પ્રમોશન) અથવા મનપસંદ સ્થળે બદલી મેળવી શકો.** શનિ બીજા ભાવમાં હોવાથી પૈસા અને પ્રગતિ ધીમે ધીમે અને મહેનત કર્યા બાદ મળે.

### નાણાંકીય સ્થિતિ : ધન ઐશ્વર્યની પ્રાપ્તિ

શનિ બીજા એટલે કે ધન ભાવમાં છે. "ભાવ વૃદ્ધિ કારોતિ શનિ" એવું કહેવાય છે એટલે ધન વૃદ્ધિ થતી રહે. ધીમો પરંતુ સ્થિર આવક સ્રોત મળશે. રાહુ અચાનક ખર્ચ વધારશે, જેના કારણે બચત પર અસર થઈ શકે. તા. 5મી ડિસેમ્બરથી 1લી જૂન 2026 સુધી ગુરુ પાંચમા ભાવમાં ભ્રમણ ખાસ શુભ લાભદાયી રહેશે. પાંચમા ભાવમાં ગુરુ જાતકને સમૃદ્ધિ અને વૈભવી બનાવે છે એવું સારાવલીનું કથન છે.






### પ્રેમ/પારિવારિક જીવન : નબળું

પરિવાર માટે આ વર્ષ મિશ્રિત રહેશે. પરિવારના સભ્યો ખાસ કરીને માતાના તેમજ પિતાના આરોગ્ય તંદુરસ્તી વિષે ચિંતા રહ્યા કરે. નાણાંકીય મુદ્દે પરિવારજનો સાથે મતભેદ થઈ શકે છે. સગાં-સંબંધીઓ સાથે પણ તણાવ સર્જાઈ શકે. જીવનસાથી સાથે ખટરાગ થયા કરે. કેતુ સાતમા ભાવમાં હોવાથી દાંપત્યજીવનમાં મતભેદ કે અંતર આવી શકે છે. જીવનસાથી તરફથી સહકારની અપેક્ષા ઓછી રાખવી પરંતુ ગુરુનો પ્રભાવ સંબંધોને બચાવશે અને સમાધાન અપાવશે. પ્રેમ સંબંધો કે નવા સંબંધો માટે સમય અનુકૂળ નથી. લગ્નઇચ્છુક જાતકો માટે વર્ષના અંતિમ ભાગે શુભ અવસર આવી શકે.

### શિક્ષણ : કસોટીભર્યું વર્ષ

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ કસોટીભરેલું રહેશે. સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા માટે ધીરજ અને ખંત અને મહેનત જરૂરી. વિદેશ અભ્યાસ ઇચ્છુક વિદ્યાર્થીઓને અવસર મળશે. વર્ષના અંતે અનુસ્નાતક, + Ph. Dના વિદ્યાર્થીઓને સફળતા મળે. કાયદો, મેનેજમેન્ટ, ટેકનોલોજી અને કોમ્યુનિકેશન ક્ષેત્રના વિદ્યાર્થીઓને લાભ થશે.

### કોર્ટ કેસોઃ ચોક્સાઈ રાખશો તો પરિણામ મળશે

ગુરુની અનુકૂળતાના કારણે કાનૂની કાર્યવાહીમાં અંતે આપને સફળ પરિણામ આપશે. રાહુના કારણે દસ્તાવેજો કે કાયદાકીય પ્રક્રિયાઓના મુદ્દે સાવચેતી અને ચોકસાઇ રાખવી જરૂરીછે.

### સરકારી કામકાજઃ મિશ્રફળ

સરકારી, અર્ધ-સરકારી, કોન્ટ્રાક્ટસ, લાયસન્સ, ટેન્ડર, ટેક્સ વિગેરે બાબતોના કામકાજમાં ફોર્માલિટી અને પ્રોસિજર્સ વધુ થશે. દોડધામ વધશે પરંતુ અંતે કામ પાર પડશે.

### પ્રવાસઃ સારું વર્ષ

પ્રવાસ માટે આ વર્ષ સારું રહેશે. કુટુંબીઓ સાથે પ્રવાસો વધુ બનશે. નોકરી-વ્યવસાય માટે પણ પ્રવાસ કરવો પડશે. **અચાનક પ્રવાસોની સંભાવના છે.** ધાર્મિક યાત્રા પણ વર્ષના અંતે શક્ય બને. પ્રવાસો એકંદરે આનંદમય રહે.

### સ્ટોક માર્કેટઃ સાવચેતી રાખવી

કુંભ જાતકો માટે આ વર્ષે શેરબજારમાં સંભાળીને ચાલવું જરૂરી છે. લાંબા ગાળાના રોકાણ માટે બેન્કિંગ/ ફાઇનાન્સિયલ, ટેકનોલોજી ઓટોમોબાઇલ્સ અને FMCG સેક્ટર શુભ રહેશે. ટૂંકા ગાળાના ટ્રેડિંગ કે જોખમી રોકાણ ટાળવાં. ખાસ કરીને તા. 14મી માર્ચથી તા. 14મી એપ્રિલ દરમિયાન ખૂબ સાવચેતી રાખીને ટ્રેડિંગ કરવું.

**(શીર્ષક પંક્તિઃ "મરીઝ")**

## મુખ્ય ગ્રહોની સ્થિતિ અને તેની અસરો

**શનિની અસર :** શનિ મીન રાશિમાં કુંભથી બીજા ભાવે રહેશે. આથી આર્થિક મામલામાં સતર્ક રહેવું પડશે. પારિવારિક વાતચીતમાં કડવાશ આવી શકે છે. ખર્ચ વધારે થશે, પરંતુ ધીરજ રાખવાથી ધીમે ધીમે ધન સંચય થશે.

**ગુરુની અસરઃ** ગુરુ મિથુન તથા કર્ક રાશિમાં ગોચર કરશે, કુંભથી પાંચમા અને છઠ્ઠા ભાવે છે. આથી શિક્ષણ, સંતાન અને નવી તકોમાં લાભ થશે. કોર્ટ-કચેરી તથા સરકારના કામોમાં અંતે સકારાત્મક પરિણામ મળશે. આરોગ્યમાં સુધારો જોવા મળશે. તારીખ 5 મી ડિસેમ્બરથી પહેલી જૂન દરમિયાન આપની રાશિથી પાંચમા ભાવમાં રહેતો ગુરુ આપને ધનવાન અને સમૃદ્ધિવાન બનાવે. તા. 1લી જૂનથી વર્ષના અંત સુધી છઠ્ઠે રહેતો ગુરુ આપને શત્રુ વિજયી બનાવે પણ શુભ કાર્યમાં ખર્ચાઓ થાય.

**રાહુની અસરઃ** રાહુ દસમા ભાવે હોવાને કારણે કારકિર્દી અને પ્રતિષ્ઠા સાથે જોડાયેલી ઘટનાઓ આવશે. અચાનક ફેરફાર, નવી જવાબદારી અથવા સ્થાનાંતરણ શક્ય છે. વ્યવસાયમાં નવી તક મળશે, પરંતુ રાજકારણ કે કાયદાકીય બાબતોમાં સાવચેતી રાખવી જરૂરી રહેશે.